# ગુજરાત જાહેર સેવા આયોગ
## અગત્યની જાહેરાત

**આયોગ દ્વારા આપવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતોની પરીક્ષા માહે ઑગષ્ટ–૨૦૧૮ દરમિયાન ગાંધીનગર વિવિધ પેટાકેન્દ્રો ખાતે યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટી/સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.**

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (૩) | પ્રાથમિક કસોટીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ (૫) |
|---|---|---|---|---|
| ૧ | Assistant Charity Commissioner, Class-1 | 16/2018-19 | 05-Aug-2018<br>11:00 am to 02:00 pm | 22-July-2018 |
| ૨ | Surgeon, Class-1, Employees State Insurance Scheme Class-1 | 22/2018-19 | 19-Aug-2018<br>11:00 am to 02:00 pm | 04-Aug-2018 |
| ૩ | Anaesthetist, Class-1, Employees State Insurance Scheme Class-1 | 23/2018-19 | | |
| ૪ | Industries Officer (Technical) and Manager (Raw Material), Class-2 | 14/2018-19 | 19-Aug-2018<br>11:00 am to 02:00 pm | 04-Aug-2018 |

જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ ૫ માં દર્શાવેલ તારીખે બપોરના ૦૧-૦૦ કલાક થી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થવા અગાઉના બે કલાક સુધીમાં પોતાના ફક્ત પ્રવેશપત્ર, હાજરીપત્ર તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ–૧ અને ૨) “Online” ડાઉનલોડ કરવાના રહેશે.પ્રવેશપત્ર “Online” ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઇઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) https://gpsc-ojas.gujarat.gov.in/ પર જવું. (૨) “Call Letter/Form”>> “Preliminary Call Letter”પર “Click” કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની “Job Select” કરવી તથા "Confirmation Number" અને "Birth Date" ટાઇપ કરવાના રહેશે. (૪) હવે “Print Call Letter” પર “Click” કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ–૧ અને પરિશિષ્ટ–૨ પર “Click” કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ–૧ અને પરિશિષ્ટ–૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષા ખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

ખાસ નોંધ:– (૧)પોસ્ટ ઓફિસમાં અરજી ફી ભરેલ નથી તેવા બિન અનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ–૩ સર્કલ પાસે, ‘છ’ રોડ, સેક્ટર–૧૦–એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/– રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર “Application Not Found” નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

તા. ૨૨–૦૭–૨૦૧૮